# જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ વેક્સિનેશનનો જથ્થો ખુટી પડતાં અભિયાનમાં ઓટ




ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના પ્રતિકાર માટે રસીકરણ એ જ વિકલ્પને ધ્યાને લઈ હાથ ધરાયેલ મહાઅભિયાનમાં સતત ત્રીજા દિવસે વેક્સિનેશનનો જથ્થો ખુટી પડ્યો હતો.

આજે વેક્સિનેશનનો જથ્થો ખુટી પડતાં બપોર બાદ વેક્સિનેશન કેન્દ્રો બંધ થઈ ગયા હતા. સે. ૨૯ માં વેક્સિનેશન માટે સોશ્યલ ડિસ્ટન્સીંગના ધજાગરા ઉડ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં પણ ૯૦ સ્થાનોને બદલે માત્ર ૩૮ સ્થાનો પર સેશન સાઈટ થઈ હતી.

જિલ્લામાં ૨૧મીથી કોરોના વેક્સિનેશન મહાઅભિયાનનો આરંભ થયો છે. એક જ સપ્તાહમાં ૩ દિવસથી વેક્સિનનો જથ્થો અપૂરતો આવતો હોવાથી અભિયાનમાં પણ ઓટ આવી છે. ગઈકાલે ૭ હજાર જેટલા ઓછા લોકોને આવરી લેવામાં આવ્યા હતા જ્યારે અભિયાનના પ્રથમ ૩ દિવસમાં ૫૧ હજાર લોકોને તંત્રએ આવરી લીધા હતા.

તંત્રને પોલિંગ બુથ પેટર્ન પર વેક્સિનેશન અભિયાન યોજવા માટેના માર્ગદર્શન અપાયા હતા અને અભિયાન સઘન બનાવવાના આયોજનો પણ તંત્રએ તૈયાર કર્યા હતા પરંતુ ૩ દિવસ બાદ જ પરિસ્થિતિમાં બદલાવ આવ્યો છે.

વેક્સિનેશન માટે ગ્રામ્ય વિસ્તારમાં પણ ૧૮ થી ૪૪ વય જૂથ સહિતના લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે પણ વેક્સિનનો અપૂરતો જથ્થો હોવાથી ૬૦ થી વધુ સેશન સાઈટો ઘટાડી દેવી પડી છે.

શહેરમાં પણ પહેલા બે દિવસ બાદ વેક્સિનેશન સેન્ટરોની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં આજે શહેરમાં ૩૫૧૬ લોકોને આવરી લેવામાં આવ્યા હતા જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૫૪૧૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. આમ આજે ૮૯૩૩ લોકોને આવરી શકાયા હતા. જે ગઈકાલના ૧૦ હજારથી વધુના આંક કરતાં પણ ઓછો છે.

વેક્સિનેશનનો જથ્થો મોડી સાંજે મળતો હોવાથી કયા વેક્સિનેશન સેન્ટર ચાલશે તેને લઈ પણ તંત્રને રાત્રે કવાયત કરવી પડી રહી છે અને ગ્રામ્ય વિસ્તારમાં કે શહેરમાં તે માટેના પ્રચાર-પ્રસારમાં પણ તકલીફો પડી રહી છે.

# જિલ્લામાં ખરીફ વાવેતર ૩૦ ટકા વિસ્તારમાં સંપન્ન

## મગફળી, કપાસ, ડાંગર, શાકભાજીનું વાવેતર વધુ નોંધાયુ : જિલ્લામાં ૩૧ હજારથી વધુ હેક્ટરમાં વાવણીકાર્ય સંપન્ન થયુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૩૦ ટકા જેટલુ સંપન્ન થઈ ગયુ છે. જિલ્લામાં ચોમાસાના વરસાદનું વહેલુ આગમન થતાં ખેડૂતોમાં વાવણી માટે સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં ચોમાસાની સિઝનનો ૮.૩૯ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. જો કે ચોમાસાનો નોંધાયેલો કેટલોક વરસાદ પ્રિ. મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે નોંધાયો હતો. આગામી દિવસોમાં સારૂ ચોમાસુ જામશે અને મેઘરાજાનો બીજો રાઉન્ડ ધમાકેદાર હશે તેમ ખેડૂતો માની રહ્યા છે.

જિલ્લામાં આ વખતે પણ મગફળી કપાસના વાવેતર તરફ ખેડૂતોનો ઝોક વધુ હોવાનું જણાઈ રહ્યુ છે. શાકભાજીના પાકોનું વાવેતર પણ સારૂ એવુ જણાયુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૧,૩૬૮ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે. સામાન્યતઃ જિલ્લામાં ખરીફ વાવેતર ૧ લાખ ૪૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થતુ હોય છે. જિલ્લામાં ૩૦ ટકા જેટલુ વાવેતર સંપન્ન થઈ ગયુ છે. જિલ્લામાં દહેગામમાં ૧૨,૮૧૪ હેક્ટર, ગાંધીનગરમાં ૬૪૪૮ હેક્ટરમાં, કલોલમાં ૩૧૩૪ હેક્ટરમાં અને માણસામાં ૮૯૭૨ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કપાસનું વાવેતર ૧૧,૩૬૬ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૬૧૫૭ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૦૦ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૨૧૬ હેક્ટરમાં અને ડાંગર પિયતનું વાવેતર ૧૫૪૮ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં મગફળીનું વાવેતર દહેગામ તાલુકામાં વધુ થયુ છે જે ૪૧૨૪ હેક્ટર જેટલુ છે જ્યારે માણસામાં કપાસનું વાવેતર ૪૩૩૧ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં તલનું વાવેતર ૩૨ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૩ હેક્ટરમાં, અડદના પાકનું ૧૧ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે. આ પાકોના વાવેતર વિસ્તારમાં આગામી દિવસોમાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. ગુવારનું વાવેતર ધીમી ગતિએ આરંભાયુ છે. દહેગામ અને કલોલ તાલુકામાં આ પાકનું વાવેતર જણાયુ છે. ગુવારનું વાવેતર ૧૧૯ હેક્ટરમાં થયુ છે.

શાકભાજીના પાકોનું વાવેતર ૩૭૨૦ હેક્ટરમાં થયુ છે જ્યારે ઘાસચારાનું વાવેતર ૮૦૯૮ હેક્ટરમાં નોંધાયુ છે. દિવેલાના પાકનું વાવેતર ચોમાસુ જામે તે પછી શરૂ થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં હજુ પણ કૃષિક્ષેત્રે શ્રમિકોની અછત અને કોરોનાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. ધીમી ગતિએ વાવેતર આરંભાયુ છે અને જેમ જેમ ચોમાસુ જામશે તેમ તેમ વાવેતરમાં વેગ આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૬૪ મી.મી. વરસાદ સિઝનનો નોંધાયો છે. આગામી સપ્તાહથી ચોમાસુ જામશે તેમ મનાઈ રહ્યું છે.

# શહેરી બસ રૂટ માટે ગાંધીનગર ડેપોને નવી ત્રણ બસો ફાળવવામાં આવી

## આગામી દિવસોમાં વધુ નવી બસો પણ ડેપોને મળશે : કીલોમીટર પુરા થઇ ગયા હોય તેવી બસો પણ દુર કરાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર એસ ટી ડેપામાં મુસાફરલક્ષી સુવિધાઓનો અભાવ છે. મુસાફરો માટે સલામત સવારી વધુ સરળ અને આરામદાયક બને તે માટે ડેપોને ત્રણ નવી બસ ફાળવવામાં આવી છે. આગામી દિવસોમાં હજુ નવી બસો ડેપોને મળશે. ત્યારે શહેરી બસ સેવાની સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ બસ સેવા માટે વિશેષ રૂટ ગોઠવવામાં આવે તેવી માંગણી પણ પ્રબળ બની છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં હાલ શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટોની બસ સેવા પણ રૂટીન મુજબ શરૂ થઈ ગઈ છે. કોરોનાના ઘટતા સંક્રમણ વચ્ચે એસ ટી બસમાં પણ ટ્રાફિક જોવા મળી રહ્યો છે. એસ ટી ની સલામત સવારીનો વધુ આરામદાયક અને સુવિધાસભર બનાવવા માટે એસ ટી નિગમ દ્વારા તબક્કાવાર ડેપોને નવી બસો ફાળવવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર ડેપોમાં શહેરી બસ સેવા માટે નવી ત્રણ બસો પણ ફાળવવામાં આવી છે. ગાંધીનગર ડેપોથી ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં આ ત્રણેય બસો દોડતી થઈ છે. ડેપોમાં અગાઉ કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસો પણ તબક્કાવાર બદલી નાંખવામાં આવી હતી. એસ ટી ની સલામત સવારી અગાઉ રૂટમાં વારંવાર ખોટવાતી હોવાના દ્રશ્યો પણ સામે આવતા હતા જયારે આજની સ્થિતિએ સલામત સવારી એસ ટી અમારીમાં સવાર મુસાફરોએ અધવચ્ચે અટકવાનો વારો આવતો હોવાના કીસ્સા પણ ભાગ્યે જ જોવા મળે છે.

એસ ટી માં બ્રેક ડાઉન સર્વિસનુ પ્રમાણ પણ ઘટયુ છે. ગાંધીનગર ડેપોમાં ત્રણ ચાર વર્ષ અગાઉ પણ નવી બસો ફાળવવામાં આવી હતી જયારે હાલની સ્થિતિએ ગાંધીનગર ડેપોથી વોલ્વો બસો પણ દોડી રહી છે. એકબાજુ શહેરી બસ સેવા પણ પુરતા રૂટમાં દોડે તે મુજબનુ આયોજન કરાયુ છે. જયારે બહારગામના રૂટની બસ સેવા પણ વધારી દેવામાં આવી છે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ અધ્ધરતાલ છે. પરંતુ ડેપોને તબક્કાવાર નવી બસો પુરી પાડવામાં આવી રહી છે.

થોડા સમય અગાઉ જ એસ ટી ડેપોને ત્રણ નવી બસો આપવામાં આવી છે. જયારે મુસાફરોની સલામત સવારીને અનુલક્ષી આગામી દિવસોમાં પણ તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવશે. ત્યારે શહેરી બસ સેવા ઉપરાંત શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં પણ અસરકારક બસ સેવા ઉપલબ્ધ થાય તેવી માંગણી પણ સ્થાનિકો કક્ષાએથી સમયાંતરે ઉઠતી રહે છે જેને અનુલક્ષીને યોગ્ય આયોજન થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# જિલ્લામાં આજે ૩ નવા કેસ : ૭નો ડિસ્ચાર્જ

## ગ્રામ્યમાં દહેગામમાં એક કેસ : સે. ૨ અને કોબામાંથી એક-એક કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. શહેરમાં બે અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો છે.

જિલ્લાના દહેગામ તાલુકાના માણેકપુર ગામે આજે એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

**ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૪ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૭૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.**

ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૫૯૨ લોકો કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૪ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૭૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. સેક્ટર-૨ માં ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કોબામાં ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવી છે. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકાને પાર કરી ગયો હોવાનો દાવો કરતાં સૂત્રોએ જણાવ્યુ છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

# ગાંધીનગર મનપાની ચૂંટણી સપ્ટેમ્બર માસમાં યોજાય તેવી સંભાવના

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં કોરોનાના કેસમાં ઘટાડો થયો છે. ગાંધીનગરમાં મનપામાં કોરોનાના કેસ નહિવત પ્રમાણમાં નોંધાતા ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. આ વચ્ચે ગાંધીનગર મહાનગર પાલિકાનીચૂંટણી સપ્ટેમ્બરમાં યોજાઈ શકે તેવી સંભાવના છે.

કોરોના ગાઇડલાઇન અનુસાર સપ્ટેમ્બર માસમાં ચૂંટણી યોજનાનું આયોજન હોવાના અહેવાલ મળી રહ્યા છે. હાલ મહાનગરપાલીકાનું સંચાલન કરવા વહીવટદારની નિમણૂક કરવામાં આવી છે. શહેરના ૭૮ ટકા લોકોને વેક્સિનેશન થયાનો તંત્રનો દાવો છે.

નોંધનીય છે કે, આ અગાઉ એપ્રિલ માસના ત્રીજા કે ચોથા સપ્તાહમાં ગાંધીનગર મનપાની ચૂંટણીનું આયોજન હતું. પરંતુ કોરોનાની મહામારીને કારણે આ ચૂંટણી મોકુફ રાખવામાં આવી હતી. ૧૧ વોર્ડ માટે ગાંધીનગર મહાનગરપાલીકાનું ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮ ગામોના સમાવેશના નવા સીમાંકન બાદ ચૂંટણી જાહેર કરવામાં આવી હતી.




# ગાંધીનગરમાં ભૂમાફિયા વિરુદ્ધની ૧૩૮ પૈકી ૧૧ અરજીમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં જમીનો-મિલકતો ઉપર માથાભારે તત્વો દ્વારા ગેરકાયદે કબજાના વધતા જતા કેસોને ડામવા રાજ્ય સરકારે ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એકટ ૨૦૨૦ નામનો કડક કાયદો બનાવેલ છે. ગાંધીનગર જિલ્લા કલેકટર સમક્ષ આ કાયદા અંતર્ગત કાર્યવાહી કરવાની માંગ સાથે ૨૪૩ અરજીઓ થઈ હતી. જે પૈકી ૧૩૮ અરજી પર કાર્યવાહી કરી ૧૧ અરજીઓમાં ગુનો દાખલ કરવાનો કલેક્ટર દ્વારા હુકમ પણ કરી દેવામાં આવ્યો છે.

ગુજરાતમાં ભૂ માફિયા ઓ દ્વારા ગેરકાયદેસર રીતે જમીનો પચાવી લેવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠયા બાદ રાજ્ય સરકાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ એક્ટ કાયદો અમલી કરી કોઈ પણ પ્રકારની મિલકત પચાવી પાડનારા સામે કડક કાર્યવાહી કરવાં જિલ્લા કલેકટરોને સત્તા સોપવામાં આવી છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લા કલેકટર ડો. કુલદીપ આર્ય સમક્ષ ૨૪૩ અરજીઓ આવી હતી. જેમાથી ૧૩૮ અરજીઓમાં કાર્યવાહી કરી ૧૧ અરજીમાં ગુના પણ દાખલ કરી દેવામાં આવ્યા છે.

આ અંગે ગાંધીનગર જિલ્લા કલેકટર ડો. કુલદીપ આર્ય એ જણાવ્યું હતું કે, જમીનની ફરિયાદો ને લગતી ૨૪૩ અરજીઓ આવી છે. જેમાં ૧૩૮ અરજીઓ પૈકી ૧૮ અરજી માં ગુના દાખલ કરવા મંજૂરી આપી દેવામાં આવી છે. જે અંતર્ગત ૧૧ ગુના દાખલ પણ થઈ ચૂક્યા છે અને ૯ લોકો સામે ચાર્જશીટ પણ ફાઈલ થઈ ચૂકી છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



**સ્વ. સરસ્વતીબેન સીતારામ પંચોલી**
ગામ : મુલસણ, હાલ - ગાંધીનગર

અમારા માતૃશ્રી સરસ્વતીબેનનું તા. ૧૯-૬-૨૦૨૧ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

સમય : સવારે ૯ થી ૧૨ કલાક સુધી
તારીખ : ૨૮/૬/૨૦૨૧, સોમવાર
સ્થળ : બ્રહ્મભવન, સોમનાથ મંદિર, રંગમંચની સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર

રાજેશ સીતારામ પંચોલી મો. ૯૪૨૬૦૦૩૫૩૬
જય રાજેશ પંચોલી મો. ૮૯૦૫૩૬૨૯૩૧
સમસ્ત પંચોલી પરિવાર

પીયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
પ્રેમશંકર સોમનાથ જાની (અંબોડ) મો. ૯૯૨૪૮૨૬૨૬૧

સરકારશ્રીની કોરોના ગાઈડલાઈનનું અવશ્ય પાલન કરવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com